| | | |
|---|---|---|
| वर्ष : १२ | सने : २०१९ | सं.२०७५ |
| अंक : १, | સળંગ અંક-૮૬ | वैशाख-मे |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૨ સને ૨૦૧૯ સં.૨૦૭૫
અંક : ૧ મે / વૈશાખ સળંગ અંક-૮૬



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ
પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

જ્યોતીન્દ્રભાઈ જે. શાહ
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (R) 26650626
(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે
★ કર્મ અને તેનું આધિપત્ય - ૧
★ ધનની ઈચ્છાવાળા અધમ, માનની ઈચ્છાવાળા મહાન
★ પુનર્જન્મ
★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**धर्मार्थं यस्य वित्तेहा,**
**तस्यानीहा गरीयसी ।**
**प्रक्षालनाद्धि पंकस्य,**
**दूरादस्पर्शनं वरम् ।।**

ધર્મ માટે ધન કમાવવાની ઈચ્છા કરતાં તેની અનીચ્છા જ વધારે સારી ગણાય. કાદવથી કલંકિત થયા પછી તેને ધોવા કરતાં કાદવથી દૂર રહેવું તે જ હિતકર છે.

લજ્જા એ સ્ત્રીઓનું , કૃશતા એ તપસ્વીનું, વિદ્યા એ બ્રાહ્મણનું, ક્ષમા એ મુનિનું અને પરાક્રમ એ યોદ્ધાનું આભૂષણ છે.





**'ત્યાગીઓએ (જ્ઞાની ભગવંતોએ) આ દેહમાં શું વિશેષતા નિહાળી ? આ દેહમાં એમને શું ભવ્યતા ભાસી ? શા માટે પશુઓને અને મનુષ્યોને એક કક્ષામાં ન મૂક્યાં ? શું બંનેમાં જીવન નથી ? છે જ. વળી, બંનેને આહાર - નિદ્રા - ભય અને મૈથુનની સમાન લાગણી નથી ? તે પણ છે જ. તો ભેદ શા માટે ? માનવીને ઊંચી કક્ષાએ અને પશુને નીચી કક્ષાએ શા માટે મૂક્યાં ? એ જ્ઞાનીઓને શું માનવદેહનો મોહ હતો ? ના. તેઓને મન આ દેહની નહીં, દેહ દ્વારા થતા ધર્મના કારણે કિંમત છે !'**
**- પૂ. ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

શાસ્ત્રજ્ઞાન અને અનુભવના આધારે જ્ઞાની ભગવંતો જગતને ઉપદેશ આપે છે. સજાગ બનાવે છે અને બચાવવાની મહેનત કરે છે. અનાદિ કાળની મિથ્યા માન્યતાઓના આધારે ચાલતા એ અજ્ઞાની - મિથ્યાત્વથી વાસિત જીવોને જ્ઞાનનો પ્રકાશ આપીને અજ્ઞાન અને મિથ્યાત્વને દૂર કરવાનું માર્ગદર્શન આપે છે. હા, જ્ઞાની ભગવંતોનું કાર્ય માર્ગદર્શન આપવાનું, માર્ગ ચીંધવાનું છે. કાંડું પકડીને ચલાવવાનું કાર્ય તો શ્રીતીર્થંકર ભગવંતોય કરી શક્યા નથી ! આવા સંજોગોમાં વર્તમાનના જ્ઞાની ભગવંતો વિશેષ શું કરી શકે ? તે તીર્થંકરભગવંતોની અપેક્ષાએ વર્તમાનકાળમાં તો કેવળજ્ઞાન - મનઃપર્યવજ્ઞાન, ચૌદ પૂર્વાદિ વિશિષ્ટ શ્રુતજ્ઞાનનો અભાવ છે. અવધિજ્ઞાનનો વર્તમાનમાં નિષેધ ન હોવા છતાં એ જ્ઞાન ધરાવનારા જોવા મળતા નથી. વળી, એ જ્ઞાન જો મિથ્યાત્વથી વાસિત હોય તો એની કાંઈ કિંમત ગણાતી નથી. કારણ, એવું જ્ઞાન લાભની જગ્યાએ હાનિકારક પુરવાર થતું હોય છે.

શાસ્ત્રકાર ફરમાવે છે : તે જ્ઞાન વાસ્તવિક જ્ઞાન જ નથી કે જે આવ્યા બાદ રાગ - દ્વેષાદિનો સમુદાય ઊભો રહેતો હોય...! જેમ સૂર્યનો ઉદય થયા પછી અંધકાર ન ટકી શકે તેમ જ્ઞાન આવ્યા બાદ રાગાદિ ન ટકી શકે. સમ્યગ્જ્ઞાન અને રાગાદિ સમૂહ : બંને એક સાથે ન રહી શકે. દિવસ અને રાત્રિ : બંને ક્યારેય સાથે હોઈ શકે ? રાગાદિ અંધકાર છે. સમ્યગ્જ્ઞાન પ્રકાશ છે. ઉભયનું અસ્તિત્વ સાથે સંભવિત નથી. જ્ઞાની હોવા છતાં તેમનામાં રાગ - દ્વેષાદિ જોવા મળે તો સમજવું રહ્યું કે વાસ્તવિક જ્ઞાન - સમ્યગ્જ્ઞાન નથી. દિવસે આકાશમાં ચંદ્ર હોઈ શકે પણ રાત્રે સૂર્ય તો ન જ હોઈ શકે - આ વાત તો આખું જગત એકમતે સ્વીકારશે. એમાં કોઈ સમજુ - જ્ઞાનીનો વિરોધ ન જ હોઈ શકે.

મૂળ વાત ઉપર આવીએ. ઉપર પૂ. ગુરુદેવે નોંધેલ વાતને વિચારીએ. તમામ સંસારી જીવો દેહવાળા છે. પૃથ્વીકાયથી પંચેન્દ્રિય સુધી તમામ જીવોને શરીર મળ્યું છે. હા, શરીરના આકાર - પ્રકાર જુદા હોઈ શકે છે. અલબત્ત, માનવદેહમાં

વિવિધ આકાર - પ્રકાર, વર્ણ - આદિની ભિન્નતા જોવા મળશે. એ ભિન્નતાના કારણે જ્ઞાની ભગવંતો માનવના દેહની વિશેષતા નથી ગણાવતા. પશુઓને પ્રાપ્ત થયેલા શરીર અને માનવને પ્રાપ્ત થયેલ શરીર વચ્ચે રહેલા આકાર - પ્રકાર કે રૂપ - રંગની અહીં વાત નથી. આહારાદિ ચાર સંજ્ઞાઓ પશુના દેહમાંય જોવા મળે છે ને માનવના શરીરમાંય જોવા મળે છે. છતાં માનવના દેહનું મૂલ્ય જ્ઞાની ભગવંતો શા માટે વધારે ગણાવે છે ? ઘણાં તિર્યંચો - પશુઓનાં દેહની કિંમત અંકાય છે. તેને વેચવાથી પૈસાની સારી આવક પણ થાય છે. એવી રીતે માનવના શરીરની કિંમત કરાતી નથી. એ રીતે તેની ખરીદી થતી નથી; તો માનવના દેહની કિંમત કઈ દૃષ્ટિએ આંકવામાં આવી છે ?

જવાબ એ છે કે - માનવના શરીરનું મૂલ્ય બે રીતે વિચારી શકાય. એક રીત : આ દેહ પશુઓના દેહ જેટલો પ્રાપ્ત કરવો સુલભ નથી. માનવનો દેહ કંઈ - કેટલાંય પુણ્ય કર્યા પછી જ મળે છે. અકામ - સકામનિર્જરા - ઘણી ઘણી થાય ત્યારે આ માનવની કાયા મળે છે. અલબત્ત, સકામ કરતાં અકામ નિર્જરા કરવા માટે ઘણી વેદના સહન કરવી પડે છે, ઘણી પીડા વેઠવી પડે છે. જ્યારે સકામ નિર્જરામાં તો થોડી પીડા અને ધર્મક્રિયા કરવાથી માનવદેહ પ્રાપ્ત થઈ જાય છે. ઘણા જીવો જરૂર પડે સંખ્ય - અસંખ્ય - અનંત જન્મોમાં કાતિલ પીડા ભોગવ્યા પછી પણ માનવનો દેહ નથી મેળવી શકતા ! જ્યારે ધર્મપુરુષાર્થ કરનારા કેટલાક જીવો ઉપરાઉપરી ૭ - ૮ વાર પણ માનવદેહને પ્રાપ્ત કરી લે છે. પશુ - જાનવરનું શરીર પ્રાપ્ત કરવું દુર્લભ નથી. માનવનું શરીર મેળવવું ખૂબ ખૂબ દુષ્કર છે ; દુર્લભ છે. ગતિ તરીકે પણ તિર્યંચની ગતિ મેળવવી કઠિન નથી.માનવગતિ મેળવવી અતિ કઠિન છે.

બીજી રીતે એમ વિચારવું કે - જે ધર્મ માનવની કાયા દ્વારા થઈ શકે છે તે ધર્મ તિર્યંચની તો વાત જવા દો.... દેવના દેહથી પણ નથી થઈ શકતો ! વિરતિની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો દેવ કરતાં તિર્યંચની કિંમત વધે.... કારણ, દેવના દેહથી અણુ જેટલી પણ વિરતિ સ્વીકારી શકાતી નથી. જ્યારે તિર્યંચના ભવમાં (ભલે એવા તિર્યંચોની સંખ્યા ખૂબ જ અલ્પ છે.) આંશિક વિરતિ (દેશવિરતિ) ધર્મ આરાધી શકાય છે. શ્રાવકના (માનવના દેહથી આરાધી શકાય એવાં) અગિયાર વ્રતનો તે જીવો સ્વીકાર કરી શકે છે. દેવ તો કોઈ જ વ્રત - નિયમ - પચ્ચક્ખાણ નથી કરી શકતા ! ભલે ને તે નાનું મુક્રસિનું પચ્ચકખાણ કેમ ન હોય.

ખાવા - પીવાની, ઊંઘવા - જાગવાની, ડરવા -ડરાવવાની, પાંચ ઈન્દ્રિયોનો ભોગવટો કરવાની..... આવી ક્રિયાઓ માનવ ને તિર્યંચમાં કોમન છે ; સામાન્ય છે. પરંતુ ધર્મ કરવાની તાકાત અસામાન્ય છે, કોમન નથી. દુઃખ મુક્તિ અને સુખમુક્તિને પ્રાપ્ત કરાવનાર ધર્મની સંપૂર્ણ આરાધના તો માત્ર માનવ દેહથી જ



શક્ય છે. હા, એમાં યોગ્ય કાળ વગેરે સામગ્રીની આવશ્યકતા ચોક્કસ જવાબદાર છે. પરંતુ કાળાદિની શુભ - યોગ્ય પ્રાપ્તિ પછી પણ તિર્યંચનો દેહ તો એ મુક્તિની પ્રાપ્તિ માટે કામ નથી જ લાગતો. આવા કારણે જ જ્ઞાનીભગવંતો જાનવરાદિના દેહ કરતાં માનવના દેહને ઊંચો - જુદો ગણાવે છે. એને આટલું મહત્ત્વ આપે છે. વિવેક કરાવનારો ધર્મ જ આમાં મુખ્ય છે.

**- વિજયભવ્યદર્શન સૂરિ** ધ

## ★ કર્મ અને તેનું આધિપત્ય - ૧ ★★★

**- પૂ. આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

આશ્રવ = કર્મને આવવાના માર્ગો, કર્મો બાંધવાના હેતુઓ, કર્મોપાર્જનનાં કારણો. સામાન્યથી કર્મબંધનનાં મુખ્ય ચાર કારણો છે. ૧. મિથ્યાત્વ, ૨. અવિરતિ, ૩. કષાય અને ૪. યોગ. તત્ત્વાર્થસૂત્રકાર ભગવાન ઉમાસ્વાતિજી મહારાજે પાંચમા નંબરે પ્રમાદને પણ આશ્રવના હેતુ તરીકે ગણેલ છે. અલબત્ત, અપેક્ષાએ ગણવામાં આવે તો પ્રમાદનો સમાવેશ પૂર્વે જણાવેલાં ચારમાં થઈ જાય છે. જીવોને વિવિધ પ્રકારે સમજાવવાથી બોધ સહેલાઈથી થાય છે. પાંચેય કારણોનો વિચાર કરવામાં આવે તો દરેકના પ્રકારો (પેટાભેદ) પાડી શકાય છે, પડે છે. જેમ કે - મિથ્યાત્વના પાંચ અથવા પંદર કે ચોર્યાશી... પ્રમાદના પણ પાંચ પ્રકાર છે. આઠ પ્રકાર પણ શાસ્ત્રકાર ગણાવે છે. એમાં પણ કષાય છે. મુખ્ય ચાર પ્રકારમાંય કષાય છે.

એક ઠેકાણે આશ્રવની વ્યાખ્યા કરતાં એમ જણાવ્યું છે કે - મન - વચન - કાયાની પ્રવૃત્તિથી (યોગોથી) જે શુભ કે અશુભ કર્મો જીવો બાંધે છે તેને આશ્રવ કહેવાય. મતલબ, યોગ વગર કર્મનું ઉપાર્જન થતું નથી. માટે જ તો અયોગીને કર્મનો બંધ થતો નથી. જે જે મન - વચન - કાયા સાથે મિથ્યાત્વ, અવિરતિ અને કષાય કે પ્રમાદ ભળે તે તે પ્રમાણે કર્મનો બંધ થાય છે. તે તે અધ્યવસાયો પ્રમાણે કર્મમાં રસ પડે છે. તેના પ્રમાણે કર્મની તીવ્રતા - મંદતા, દીર્ઘ સ્થિતિ - અલ્પસ્થિતિ વગેરે નિશ્ચિત થાય છે.

કર્મબંધમાં ચિત્તની પ્રધાનતા - અધ્યવસાયોની મુખ્યતા બતાવતાં શાસ્ત્રકાર એમ પણ જણાવે છે કે - જો ચિત્ત - મન મૈત્ર્યાદિ ભાવનાઓથી વાસિત હોય તો શુભ કર્મનું ઉપાર્જન થાય છે. જો ચિત્ત વિષય - કષાયોથી આક્રાંત - યુક્ત હોય તો અશુભ કર્મનો બંધ થાય છે. અશુભ કર્મબંધથી બચવા માટે જીવે વિષયો - કષાયોથી શક્ય તેટલા દૂર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

દુઃખનો દ્વેષી અને સુખનો ચાહક જીવ જે પણ પ્રવૃત્તિ કરે તેનાથી તે અશુભ કર્મનું ઉપાર્જન કરી દુઃખી થાય છે. દુઃખનો દ્વેષી અને સુખનો રાગી જીવ તે સમયે

અંધ બને છે કારણ તે ગુણ - દોષને જોઈ શકતો નથી કે પારખી શકતો નથી. આવું પ્રશમરતિગ્રંથમાં ભગવાન શ્રી ઉમાસ્વાતિજી મ. બતાવે છે.

જે આત્મા શ્રુતજ્ઞાન - સમ્યક્શ્રુતના આધારે વચન ઉચ્ચારે છે, તે શુભકર્મને બાંધનારો બને છે. જ્યારે સમ્યક્શ્રુતનો આધાર લીધા વિના, શાસ્ત્રવચનથી નિરપેક્ષ વચન બોલે છે તે જીવાત્મા અશુભકર્મ બાંધનારો થાય છે. તાત્પર્ય એ છે કે અશુભકર્મથી બચવા માટે હંમેશા શાસ્ત્રસાપેક્ષ રહીને જ વચનનો ઉપયોગ કરવો જોઈએ. આના ઉપરથી એ પણ ફલિત થાય છે કે - વચનની જેમ મન અને કાયાનો ઉપયોગ પણ શાસ્ત્રના આધારે જ કરવો જોઈએ, જેથી અશુભકર્મોથી જીવ બચી શકે. સંસારમાં રહેવા છતાં કર્મોથી - પાપોથી બચવું હોય તો જીવે મન - વચન - કાયાને ધર્મશાસ્ત્રો સાથે, પરમાત્માની તારક આજ્ઞાઓ સાથે બાંધીને રાખવાં જોઈએ. તેને સંસારના પદાર્થો સાથે કે બાહ્યભાવો સાથે ન જોડવાં જોઈએ. હા, આ કાર્ય કઠિન જરૂર છે પરંતુ અસંભવ તો નથી જ. માટે જ તો ભરત મહારાજા રાગના - મોહના સ્થાન સ્વરૂપ અરિસા ભવનમાં કેવળજ્ઞાન પામી શક્યાને ?

શ્રીજૈનશાસનમાં કર્મ વિષયક જેટલું વિશાળ અને ઊંડું જ્ઞાન છે, તે બીજા કોઈ પણ દર્શન(ધર્મ)માં નથી; આવું તો છાતી ઠોકીને કહી શકાય. વળી આ જ્ઞાનમાં અસત્યનો અંશ પણ નથી. કેવળજ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માએ ત્રિપદી આપી ગણધર ભગવંતો પાસે દ્વાદશાંગ આગમસૂત્રોની રચના કરાવી. તેના આધારે જ તેનાં વિવરણો તથા અન્ય આગમાદિ શાસ્ત્રોની રચના થઈ. આમાં કોઈ અજ્ઞાની આત્માની મતિકલ્પનાને સ્થાન નથી. આ જ કારણે આ તમામ શાસ્ત્રો ચોવીશ કેરેટ સોના જેવાં શુદ્ધ છે. ૩૨ દોષથી રહિત અને આઠ ગુણથી યુક્ત છે ! પરસ્પર વિરોધાભાસથી રહિત છે. કષ - છેદ - તાપ - તાડનાદિ પરીક્ષામાંય એની સત્યતા પુરવાર થઈ ચૂકી છે. આ કારણોથી તેના ઉપર અશ્રદ્ધા કરવાનું કોઈ જ કારણ નથી. એ તમામ શાસ્ત્રો શ્રદ્ધેય જ છે. લાખો શ્લોકપ્રમાણ પ્રાચીન - અર્વાચીન કર્મસાહિત્ય ઉપલબ્ધ છે. દિગંબર સંપ્રદાયમાં પણ કેટલુંક સાહિત્ય આ વિષયનું મળે છે..... જો કે કેટલાક મતભેદો શ્વેતાંબર - દિગંબર વચ્ચે છે.

આજે આટલું વિશાળ અને ઊંડાણભર્યું કર્મસાહિત્ય જૈનો પાસે હોવા છતાં અને જૈનો એનું અધ્યયન - અધ્યાપન કરી શકે એવી અનુમતિ હોવા છતાં આ વિષય કર્કશ - ગહન - ગૂઢ - અટપટો છે ; એમ માની જૈનો એનાથી દૂર રહે છે તે શોચનીય છે. સમગ્ર સંસારને ટકાવનાર, જીવને સંસારમાં ભટકાવનાર, સુખ-દુ:ખનાં ચક્રોમાં પીસનાર આ કર્મો જ છે, તો પણ તેના તરફ આટલું દુર્લક્ષ શા માટે ? કેટલાંક કર્મો મિત્રસ્થાનીય છે તો કેટલાંક કર્મો શત્રુસ્થાનીય છે. શત્રુથી બચી મિત્રની સહાયથી કેમ - કઈ રીતે સ્વરૂપની પ્રાપ્તિ કરવી તેની કળા શીખવા જેવી છે. આ કળા આત્મસાત્ કર્યા પછી ; જે કર્મ અત્યારસુધી આપણને



અનંતકાળથી પછાડતાં હતાં તેને કેમ પછાડવાં અને એના પર કઈ રીતે વિજય મેળવવો ? તેની વિશિષ્ટ જાણકારી મળે છે. તે જ્ઞાનનો ઉપયોગ કરી પરાજીત બનેલા આત્માને વિજયી બનાવી શકાય છે.

જૈનોને જૈનધર્મ તથા જૈન શાસ્ત્રોનું જ્ઞાન જ નથી તો વફાદારી ક્યાંથી આવશે ? શ્રદ્ધા ક્યાંથી આવશે ? ધર્મનું સાચું આચરણ ક્યાંથી આવશે ? માત્ર ગતાનુગતિકતાથી કરેલો ધર્મ કેટલો વિધિપૂર્વક થાય છે ? કેટલો સુવિશુદ્ધ થાય છે ? એમાં અવિધિ વગેરે કેટલા દોષો છે વગેરેની જાણકારી કઈ રીતે મળશે ? અધ્યાત્મની દુનિયામાં એનો પ્રવેશ જ ક્યાંથી થશે ? અધ્યાત્મ વગર આત્મકલ્યાણ ક્યાં છે ? કર્મની ગુલામીમાંથી મુક્ત થવા માટે ; કર્મ મારા કેવાં દુશ્મન છે ? કર્મે મારી કેવી બેહાલી કરી છે ? સંસારનાં તમામ દુ:ખો ; તમામ વળગણો, જન્મ - મરણો... આ બધાની જડ (મૂળ) આ કર્મ જ છે ; આ વાત ક્યારે સમજાશે ? દુશ્મનને ન ઓળખવાના કારણે એ દુશ્મનોથી કઈ રીતે ...? ક્યાં ક્યાં સાવધાની રાખવી તેનોય ખ્યાલ નહીં આવે. દુશ્મનને ન ઓળખવાના યોગે દુશ્મનો સાથે જ નિશ્ચિંત રીતે જીવો રહે છે ! દુશ્મનોને તો ફાવતું મળી ગયું. શત્રુના ઘરમાં જઈને શત્રુને મારવાનું કદાચ દુષ્કર હોઈ શકે પરંતુ જ્યારે શત્રુ પોતાના ઘરમાં આવે તો તેને મારવાનું - યમસદન પહોંચાડવાનું કે હેરાન - પરેશાન કરવાનું કાર્ય તો સાવ જ આસાન બની જાય છે.

આત્માનું મોહરાજા સાથે જોડાણ એ શત્રુના ઘરમાં નિવાસ છે. જીવનું જિનાજ્ઞા સાથે જોડાણ એ મિત્રના ઘરમાં નિવાસ તુલ્ય છે. આપત્તિમાં મિત્ર જ સહાયક બને છે. સંસાર તો ડગલે ને પગલે આપત્તિઓથી ભરેલો છે. આપત્તિઓની ખાણ છે. મોહરાજાએ જગત પર એવું તો કામણ કર્યું છે કે - ભલભલા બુદ્ધિશાળી, શક્તિશાળી સત્તાનશીન જીવોય તેના સેવક બની જાય છે ! આવા સેવકો ક્યારેય સ્વામી બની શકતા નથી. જગત પર રાજ્ય કરનારા ચક્રવર્તીઓ હોય કે દૈત્યોનો વિનાશ કરનારા કે અસુરો પર અનુશાસન કરનારા સુરેન્દ્ર હોય...તેઓ પણ મોહરાજાનાં ચરણોમાં સેવક બનીને રહે છે, તેનું દાસત્વ સ્વીકારે છે. આવા સેવકો મહામિથ્યાત્વ - ગાઢ મિથ્યાત્વ સુધી પહોંચતા જોવા મળે છે. જે મિથ્યાત્વના સકંજામાં આવે તેઓ અવિરતિ - કષાય અને અશુભયોગોના ચક્રવ્યૂહમાં ફસાય તેમાં નવાઈ નથી. મતલબ એ થયો કે - આવા જીવો કર્મબંધનાં ચારે (પાંચે) કારણો - હેતુઓથી જોડાયેલા હોય છે. આ જીવો ક્યાંથી સુખી થઈ શકે ? સતત કર્મબંધ કરનારા જીવોને સુખ ક્યાંથી સાંપડે ?

મિથ્યાત્વથી લઈ પ્રમાદ સુધીનાં પાંચ કારણોમાં સૌથી વધુ નજરે દેખાતાં કારણો (પેટાભેદ સાથે)માં મદ્ય (કેફી પદાર્થોનું સેવન), વિષયો (પાંચ ઈન્દ્રિયોના ૩૯ વિષયો) અને કષાયો (ક્રોધ - માન - માયા - લોભ) છે. એમાંય વિષયો અને

કષાયોનાં દર્શન તો ઠેર ઠેર જોવા મળે છે. મોટા ભાગે આ બે તત્ત્વો માટે તો જીવો સતત ઝઝૂમતા જોવા મળે છે. હજી અંદર ઊંડા ઊતરીએ તો વિષયોને પ્રાપ્ત કરવા અને એમાં મળતી સફળતા કે નિષ્ફળતાના કારણે કષાયોનો જન્મ થાય છે. જન્મ થયા પછી પણ જીવ જો સાવધ બની જિનવચનો અને જિનાજ્ઞાની સહાય ન લે તો તેનો (કષાયોનો) વિજય પણ થાય છે. કષાયના વિજયમાં આત્માનો પરાજય થાય છે. તે કારણે ફરી આત્મા દુર્ગતિની પરંપરામાં અટવાય છે. દુર્ગતિ સાથે દુઃખો તો જોડાયેલાં જ હોય છે. આવા સમયે તે જીવ દુર્મતિવાળો પણ બની જાય છે. દુર્મતિ ન જાય, સન્મતિ ન આવે ત્યાં સુધી જીવ આવા ચક્રમાંથી મુક્તિ ન જ મેળવી શકે. સન્મતિ આપવાની તાકાત શ્રીજિનેશ્વર ભગવંતોનાં સત્ય નીતરતાં વચનોમાં છે.

કષાયો પોતાના વિજય માટે જીવને વિવિધ પ્રલોભનો આપી ઠગે છે, ભોળવે છે. જીવ ટૂંકી દૃષ્ટિથી એમાં ભોળવાઈ જાય છે, ઠગાઈ જાય છે. આવાં પ્રલોભનોમાં નાની નાની સફળતા આપે છે. આશા નામની દાસીને કાયમ સેવામાં ગોઠવે છે. થોડાં માન-પાન આપી દે છે. અનૂકુળ ખાન-પાન આપી દે છે. ભસતા કૂતરાને જેમ ટૂકડો રોટલો આપીને ભસતું બંધ કરવામાં આવે છે, તેમ થોડા વિષયોના ટૂકડા આપીને જીવને છેતરવા દ્વારા મોં બંધ કરવામાં આવે છે, જડની આસક્તિના કારણે જીવ છેતરાય છે. હકીકતમાં જડનો લાભ જીવના માધ્યમથી જડને (ઈન્દ્રિયોને) મળે છે. ચેતન(આત્મા)ને તો એ આસક્તિના યોગે કર્મનો બંધ થાય છે. મોહરાજા આમાં પડદા પાછળ રોલ ભજવે છે. મોહરાજા જીવને વિવિધ નાચ નચાવે છે. જીવ નર્તક - નર્તકી બનીને નાચે છે. મોહરાજા અને તેના સેવકો વિજયની ખુશાલી મનાવે છે. મોહના આધિપત્ય નીચે જીવ બિચારો - રાંક બની જાય છે. જડ એવાં કર્મો ચેતનને પીડા આપે છે. જડ સ્વામી અને ચેતન સેવક : આ કેવી કરુણતા ? કેવી આશ્ચર્યકારક ઘટના ? કેવી દયમણી સ્થિતિ ? ચેતન ઉપર જડનું સામ્રાજ્ય છવાય ત્યારે જીવની હાલત કેવી થાય ? આવા સમયે ચેતનની નીકળતી દર્દનાક ચીચીયારિયો મોહરાજાના વિજયનાં વાગતાં વાજાંના અવાજમાં દબાઈ જાય છે. કોને એ ચીચીયારીઓ સંભળાય ? કોણ એને સહાય કરવા, મદદ કરવા, છોડાવવા દોડે ?

(ક્રમશઃ) ધ

## ★ ધનની ઈચ્છાવાળા અધમ, માનની ઈચ્છાવાળા મહાન ★★★

- શ્રીધર્મમિત્ર

अधमा धनमिच्छन्ति, धनमाने हि मध्यमाः ।
उत्तमा मानमिच्छन्ति, मानं हि महतां धनम् ।।



શાસ્ત્રના પાનાંઓમાં વાંચવા મળેલો શ્લોક ખૂબ સારી - મહત્ત્વની વાત જણાવે છે. સમજવા જેવી ને વિચારવા જેવી વાત આ શ્લોકમાં છે. મોટાઈ ક્યાં છે ? ધનથી મોટાઈ મળે કે માનથી ? આ પ્રશ્નને વાગોળવા માટે શ્લોક સુંદર મસાલો પૂરો પાડે છે.

આ શ્લોકમાં જીવોને ત્રણ ભાગમાં વહેંચ્યા છે. અધમ - મધ્યમ અને ઉત્તમ. એ અધમાદિનો નિર્ણય કરવા માટેનું માપદંડ પણ નાનકડા શ્લોકમાં જ આપી દીધું છે : આ શ્લોક પર ચિંતન કર્યા પછી ‘ધનથી મોટાઈ મળે છે’ આ ખોટી ધારણા વિદાય લેશે. ધનથી મોટાઈ મેળવવાના મનસુબા મનમાંથી નીકળી જશે. મોટાઈ મેળવવાનું સાધન ધન છે એ મિથ્યા - માન્યતાનો પર્દાફાસ થશે. ધનના ઢગલા હોય, ધનના યોગે બાકીની સામગ્રી પણ તેવી જ વસાવી હોય, વપરાતી હોય પણ તે પ્રમાણે માન-પાન ન મળતાં હોય તો એવા ધનની કિંમત શું ?

દુનિયામાં ભલે કહેવાતું હોય કે - સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે. એટલે કે તમામ ગુણો સંપત્તિનો આશ્રય કરે છે - મતલબ, સંપત્તિ - શ્રીમંતાઈ હોય તો બધું જ છે... શ્રીમંતનો જ ભાવ પૂછાય છે. પૈસાને જ માન મળે છે. ધન વગરનો માનવ પશુ સમાન... જગતમાં ધનની જ બોલ - બાલા છે. જગત ધનના આધારે જ કિંમત આંકે છે... ‘નાણાં વગરનો નાથિયો ને નાણા નાથાલાલ’ જેવી કહેવતો પણ આ વાતની ગવાહી છે... આવી બધી ખોટી - ગલત ધારણાઓ - માન્યતાઓરૂપી કચરો... આ શ્લોકના ચિંતન-મનન પછી મગજમાંથી જરૂર નીકળી જશે... એવું લાગે છે. શાંત - સ્વસ્થ ચિત્તે આ વાંચન કરશો. વાંચન કરીને ત્યાં અટકી ન જતાં... એના ઉપર થોડું ચિંતન અહીં કર્યું છે... પરંતુ તમારી પ્રજ્ઞાને કામે લગાડી તમારી રીતે પણ આ શ્લોકના ઊંડાણમાં જવાનો યત્ન કરશો. વિશ્વાસ છે કે ધન તરફની આંધળી દોટ, અંધવિશ્વાસ, રાગ - મોહ જરૂર ઘટશે. પરિગ્રહની મૂર્ચ્છાનો વિદાય સમારંભ યોજાશે. જરૂરિયાત કરતાં વધારે ધન કમાવાની, વિશિષ્ટ ધનવાન - શ્રીમંત બનવાની ઘેલછાને તો ફટકો પડશે. જરૂરિયાત જુદી ચીજ છે ને ધન મેળવવાની અને ભેગું કરવાની લાલસા અલગ ચીજ છે. ધન જરૂરિયાતની ચીજ બને ત્યાં સુધી ઠીક છે પરંતુ તેની પાછળ આંધળી દોટ, ધન પરની મૂર્ચ્છા એ તો ખતરનાક છે.

શ્રીઉત્તરાધ્યયનસૂત્ર કહે છે : જેમ જેમ ધન મળે છે તેમ તેમ વધુ ને વધુ ધન કમાવાની - મેળવવાની વાસના વકરે છે. આ વાસના જ ખાસ કરીને દુર્ગતિનો અતિથિ બતાવે છે. આ વાસનાની સફળતારૂપ ધન વધે તો મમત્વભાવરૂપ રૌદ્રધ્યાનમાં જીવ ચાલ્યો જાય છે. સફળતા ન મળે તો તે મેળવવા પાછળ પાગલ બનેલો જીવ, મેળવવાના ધમપછાડા કરી અઢળક પાપો બાંધે છે ! એટલે કે, મળે કે ન મળે તોય જીવ અધમગતિનો અને ભયંકર પીડાઓનો ભોગ તો બને જ છે.

દુર્ધ્યાનનો શિકાર તો થાય જ છે. ધનનું ઝેર માનવને કંઈ - કેટલાય જન્મો સુધી મારે છે. સાપ - વીંછી - દેડકા વગેરે પ્રાણીઓનાં ઝેર, સોમલ વગેરે ખનીજ ઝેર અને કેટલીક તેવા પ્રકારની વનસ્પતિઓનું ઝેર તો એક જ વાર મૃત્યુની પીડા પ્રદાન કરે છે. ધનના મમત્વભાવસ્વરૂપ ઝેર તો જરૂર પડે સેંકડો - હજારો ભવ સુધી મૃત્યુની જાલિમ વેદનાની ભેટ ધરે છે ! ધનનું વળગેલું ભૂત માનવને પાગલ બનાવે છે. વૈર - વિરોધ ઊભો કરે છે. શત્રુતાની હારમાળા સર્જે છે. પરસ્પરની પ્રીતિ અને પ્રેમને આગ ચાંપવાનું કાર્ય કરે છે. 'પોતાના' ગણાતા જીવોને 'પારકા' માનવાનો બુદ્ધિવિપર્યાસ; આ ધનની મૂર્ચ્છાના યોગે ઊભો થાય છે.

આ ધન મેળવવાની લાલસામાંથી અનીતિ - અન્યાય - વિશ્વાસઘાત - જૂઠ - દુશ્મનાવટ - દુરાચાર - ચોરી - હિંસા - ક્રોધાદિ કષાયો - રતિ - અરતિ - પરપરિવાદ (નિંદા) - અભ્યાખ્યાન - કલહ - માયામૃષાવાદથી લઈ મિથ્યાત્વ સુધીનાં પાપો - દોષો - દુર્ગુણો ઊભા થાય છે. ટૂંકમાં કહીએ તો કયા દોષની ઉત્પત્તિ બાકી રહે ? એક ધન - પૈસો તમામ પાપોને આમંત્રણ આપે છે. તમામ દોષો - દુર્ગુણોથી જીવને કલંકિત કરી મૂકે છે. વળી, એ જ ઉત્પન્ન થયેલા દોષો ધનથી જ ફાલે - ફૂલે છે.

આ ઉપરાંત તમામ પાપો - દોષોની જડ - મૂળ ગણાતી બુદ્ધિને બગાડવાનું કાર્ય પણ આ ધન જ કરે છે. બુદ્ધિ બગડ્યા પછી બાકી શું રહે ? બુદ્ધિ બગડે તેનું બધું જ બગડે ! બુદ્ધિ બગડી જવાના કારણે પાપો કરવાનું જ મન થયા કરે. એ પાપોથી અટકવાની વાત જ ન કરે. ત્યારે રત્નાકર પચ્ચીશીમાંની પંક્તિ યાદ આવે - 'આયુષ્ય ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવિ ઘટે.' મહદંશે એવું જોવા મળતું હોય છે કે - પાપ ઘટાડવું, પાપ બંધ કરવું કદાચ સરલ હોય છે પરંતુ પાપબુદ્ધિ ઘટાડવાનું કે પાપબુદ્ધિનો નાશ કરવાનું કાર્ય ખૂબ કઠિન હોય છે. પાપવૃત્તિ પર બ્રેક ન લાગે ત્યાં સુધી પાપબુદ્ધિનો હ્રાસ ક્યાંથી થાય ? પાપબુદ્ધિ ખતમ થયા વગર ધર્મબુદ્ધિનો આવિષ્કાર ક્યાંથી શક્ય બને ?

પાપ જાય પાપબુદ્ધિ - પાપવૃત્તિ ન જાય એવું બને. પાપવૃત્તિ ગયા પછી પાપ ચાલું રહે તોય એ પાપ અનુબંધવાળું ન બંધાય, ચીંકણું કે ગાઢ ન બંધાય. એ પાપનો ક્ષય કરવામાં જીવને ઝાઝો પુરુષાર્થ ન કરવો પડે. પરંતુ પાપવૃત્તિ જીવતી હોય ને પાપ બંધાય તો એને ભોગવતાંય આંખે પાણી આવે, એને છોડાવતાંય નવનેજે પાણી ઊતરે !

કામ પુરુષાર્થની સિદ્ધિ અર્થ પુરુષાર્થ દ્વારા થાય છે ; એવું માનવાના કારણે સૌથી વધારે સમય અર્થ - ધનની પ્રાપ્તિના પાપમાં જ જાય છે. મતલબ, અર્થ પુરુષાર્થ માટે ઘણાં પાપો જીવ કરતો હોય છે. એમાં સફળતા મળે તો નવી નવી પાપવૃદ્ધિ ને નિષ્ફળતા મળે તો દુર્ધ્યાનની વૃદ્ધિરૂપ પાપ તો ચાલું જ રહે છે.



પાપબુદ્ધિના વિરામ વગર આ પાપયાત્રા અટકવાનું નામ લેતી નથી. અલબત્ત, પાપને પૂર્ણવિરામ આપવા માટે; અર્થ - કામ પુરુષાર્થ અનર્થરૂપ છે, એવી ભાવના દિલમાં તૈયાર થાય, અર્થ - કામ પર વૈરાગ્યભાવ પ્રગટ થાય... એના પરિણામરૂપ શ્રમણત્વનો સ્વીકાર થવો જોઈએ. જિનાજ્ઞા મુજબ એનું પાલન થવું જોઈએ.

જે ધનની પાછળ આવાં જાલિમ પાપોનો ગંજ ખડકાતો હોય તેવા ધનની ઈચ્છા એ અધમતાની જ નિશાની ગણાય. અર્થાત્ અધમજીવોને ધનની ઈચ્છા હોય છે ; એ વાત તો સો ટકા સાચી છે. ધન મેળવવાનો લાલચુ જીવ ધન મળે તોય અધમ બને છે, ધન ન મળે તોય અધમ બને છે. ધન મળે તો અનેક પાપો કરવા પ્રેરાય છે. એ પાપ વધુ ને વધુ અધમતાની ઊંડી ખાઈ તરફ જીવને લઈ જાય છે, ખેંચી જાય છે. પૈસો ન મળે તો ક્રોધ-દ્વેષાદિ તથા અનીતિ વગેરે દોષોનો શિકાર બને છે. આ દોષો અધમતાની આગમાં ઘી હોમવાનું કાર્ય કરે છે !

હવે મધ્યમ જીવોનો વિચાર ; શ્લોકના માધ્યમથી જ કરીએ. ઊપરના શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે - ધનમાને હિ મધ્યમાઃ અર્થાત્ નથી પૂર્ણ અધમ અને નથી પૂરા ઉત્તમ - એવા જીવો મધ્યમ ગણાય છે. એ ધન - માનઃ બંનેની અપેક્ષા રાખતા હોવાથી તેમને મધ્યમ કક્ષામાં મૂકવામાં આવ્યા છે. હા, એટલું છે કે - અધમતાની કેટેગરીમાંથી તેઓ બહાર આવી ગયા છે. પરંતુ હજી ઉત્તમતાની કક્ષા હાંસલ કરી શક્યા નથી. અલબત્ત, આવા જીવો ગમે ત્યારે ઉપર પણ ચઢી શકે છે તો ગમે ત્યારે નીચે પણ ઊતરી શકે છે. એટલે કે અધમતા તરફ કે ઉત્તમતા તરફ બંને રસ્તે આગળ વધી શકે છે. બહુલતયા આ મધ્યમ જીવો, મધ્યમ કક્ષામાં લાંબો સમય ટકી શકતા નથી ! જેમ સાસ્વાદન કે મિશ્ર ગુણસ્થાનકે જીવ લાંબો સમય ન ટકે, એવું જ અહીં બને છે.

મધ્યમ જીવોને માત્ર ધનથી સંતોષ નથી હોતો અને માત્ર માનથી પણ સંતોષ નથી થતો. તે જીવોને ધન અને માનઃ બંનેની ભૂખ હોય છે. અધમ જીવો કરતાં આ જીવોમાં એટલો ફરક છે કે - 'ધનથી જ મોટાઈ મળે છે' આ માન્યતામાં થોડો બદલાવ આવ્યો હોય છે. પરંતુ 'ધનથી પણ મોટાઈ મળે છે' આ ભૂત મગજમાંથી સંપૂર્ણ વિદાય નથી થયું હોતું... તેના કારણે ધન પણ ઈચ્છે છે. માન-સન્માન જ સાચું ધન છે : આ વાત, આ સત્ય હજી આ મધ્યમ જીવોની બુદ્ધિ સ્વીકારવા તૈયાર નથી. આ કારણે જ ધન અને માન : બંને માટે તેઓ પુરુષાર્થ કરતા હોય છે. બંનેનો આગ્રહ તેઓનાં જીવનમાં જોવા મળે છે.

ધનનો રાગ છોડવા આ મધ્યમ જીવો તૈયાર નથી, તેમ માનની ભૂખ જતી કરવાય તૈયાર નથી હોતા. ધનથી અધમતા કે અપમાન ન મળે તે માટે આ જીવો સાવધ હોય છે. ધન ઈષ્ટ હોવા છતાં અપમાન કરાવનારું ધન મેળવવાથી તે દૂર રહે છે. માન - સન્માનની અપેક્ષા જ, આવા ધનથી તે જીવોને દૂર રાખે છે. અધમ

જીવોને અપમાનની કાંઈ જ પડી નથી હોતી. તેઓ ગમે તેમ કરીને ધન મેળવવું' આવા ભાવથી રાત-દિવસ વિચાર - વાણી ને વર્તનના માર્ગે આગળ વધતા હોય છે. અપમાન વેઠીનેય ધન મળતું હોય તો તે મેળવવા થનગનતા હોય છે. અપમાનને ગળી જવાનો ગુણ (? ! ?) આ ધનપ્રાપ્તિની ઈચ્છામાંથી જન્મ લેતો હોય છે. આવો માર્ગ મધ્યમજીવોને માન્ય નથી હોતો. માનનો ભોગ લેવાતો હોય તેવું ધન આ જીવોને ઈષ્ટ નથી. ધન અને માન : બંને સચવાય એવો માર્ગ આ જીવો અપનાવે છે.

હવે ઉત્તમ જીવોની વિચારણામાં આગળ વધીએ. જે ધનને નહીં માનને મહત્ત્વ આપે છે તે ઉત્તમ છે. જે ધન મતિ અને ગતિ : બંને બગાડે તે ધનને ઉત્તમજીવો અધમ ગણે છે. અપમાનનો ભોગ પણ આ ધન જ બનાવે છે. ઈર્ષ્યાનું કારણ આ ધન પણ બને છે. ધનવાનની ઈર્ષ્યા ઘણા જીવો કરતા હોય છે. ધન મળે પણ માન ન મળે તો એ ધન શું કામનું ? ધન મળે કે ન મળે... માન મળે તો ચાલે એવી માન્યતા ઉત્તમ જીવોની હોય છે. કારણ, તેઓ માન - સન્માનને જ ધન માને છે. ધનની જરૂર મોટાઈ માટે છે ; એવી બુદ્ધિવાળાને ધનની મહત્તા નથી, માનની છે. ધન વગર પણ માન - મોટાઈ મળતાં હોય તો ધન પ્રત્યે એટલું આકર્ષણ રહેતું નથી.

ધનવાન કદાચ ચાર જણ વચ્ચે સન્માન પામતો હશે. વિદ્વાન તો સર્વત્ર સન્માન પ્રાપ્ત કરે છે, સર્વત્ર પૂજાય છે. તમામ જગ્યાએ પ્રશંસાપાત્ર પુરવાર થાય છે. સમજુ - શાણા માણસો જ્ઞાનને ધન જ ગણે છે. સોનું - ચાંદી - જર - ઝવેરાત - રૂપિયા વગેરે ધન ચોરાઈ જાય, દેવાદાર બનાવી દે... અભિમાનના નશામાં ચઢાવી દે ... ધંધા વગેરેમાં નુકશાન આવતાં નિર્ધન બનાવી દે. આગ - પાણીના કારણે આ સંપત્તિ નષ્ટ થઈ જાય... પરંતુ જ્ઞાનરૂપી ધન તો ક્યારેય નષ્ટ ન થાય. જ્ઞાન ક્યારેય ચોરાય નહીં, લુંટાય નહીં, આગ-પાણીનો ભોગ એ ન બને. એના દાનથી, વિનિયોગથી એ જ્ઞાન - ધનમાં વધારો જ થાય છે, ઘટાડો ક્યારેય થતો જ નથી. કોઈ પણ ઉપદ્રવનો ભોગ આ જ્ઞાન બનતું નથી.

સન્માન અપાવનાર ધન જ છે : આવી બુદ્ધિ અજ્ઞાન જીવોને હોય છે. જ્ઞાનીઓને ધનના મહા અનર્થોની જાણકારી હોય છે. તેથી જ તેઓ ધન પાછળ આંધળી દોટ નથી મૂકતાં. ધનવાન આત્માઓના જીવનમાં અશાંતિ - અસમાધિ વગેરે દોષો જોવા મળે છે. જ્ઞાની આત્માઓના જીવનમાં શાંતિ - સમાધિ હોય છે. અશાંતિ, અસમાધિ, લોભવૃત્તિ, ઈર્ષ્યા, પુણ્ય-પાપ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ, અજંપ, નિદ્રાનો અભાવ, સંબંધોમાં ખટાશ-કડવાશ, મિથ્યાભિમાન વગેરે ઘણા - ઘણા દોષો જેમાં રહેલા છે ; એવા ધનની જ્ઞાની ભગવંતોને શું કિંમત ? અજ્ઞાની જીવો આ બધી વાતો ન સમજતા હોવાથી ધનની પાછળ ગાંડા બને છે. જ્ઞાન તો જીવનો



મુખ્ય - પ્રધાન ગુણ છે તો અજ્ઞાનતા એ આત્માનો મોટો દોષ છે. ગુણની પૂજા થાય, ગુણ પ્રત્યે આદર - બહુમાન હોય. દોષનું પૂજન કે દોષનું બહુમાન તો ન જ થાય ને ?

ધન માટે અનેક પ્રકારનાં પાપો કર્યા પછી પણ સન્માન મળે જ એવું નિશ્ચિત નથી... જ્યારે નિષ્પાપ - નિર્દોષ, પાપ - દોષથી બચાવનાર જ્ઞાન - દર્શન - ચારિત્ર વગેરે ગુણોની પ્રાપ્તિ તો સન્માન અપાવે જ... મુનિ બન્યા પછી નીચગોત્રનો ઉદય રહેતો નથી. ધનવાન બનવાવાળી વ્યક્તિ માટે આવો નિયમ નથી. નીચગોત્રમાં જન્મ લેવા છતાં ચારિત્ર ગ્રહણ કર્યા પછી ઉચ્ચગોત્રના ઉદયવાળા ગણાય છે. સામે પક્ષે વિચારીએ તો ઉચ્ચગોત્રમાં જન્મ લીધા પછી નિર્ધન વગેરે અવસ્થા આવે તો નીચગોત્રવાળાને ત્યાં કે ઉચ્ચગોત્રવાળાને ત્યાં નોકર બનવું પડે..! આવા સમયે તે નીચગોત્રના ઉદયવાળો ગણાય છે. ધન આ રીતે ગોત્રભેદ પણ કરાવે છે. જાતિભેદના માર્ગે પણ લઈ જાય છે.

આવા ધન પાછળ ઉત્તમજીવો ક્યાંથી આકર્ષિત થાય. જ્યાં માન મળતું હોય, માન જ મળવાનું હોય... એવો જ માર્ગ અપનાવેને ? હા, માન મેળવવાની ઈચ્છા ભલે તે જીવોને ન હોય... માન - સન્માન પ્રાપ્ત કરવાની કોશિશ ભલે ન કરતા હોય... પરંતુ જેની પાછળ અપમાન વગેરે થતાં હોય તેવો માર્ગ તો ન જ અપનાવે.

શ્લોકના અંતિમ ચરણમાં ' માનં હિ મહતાં ધનં 'કહીને માનને જ ધન ગણાવ્યું છે. મહાન પુરુષોનું - સજ્જન પુરુષોનું ધન બીજું કાંઈ નહીં 'માન' છે. પણ માન લપસણી જેવું છે તે ભૂલવા જેવું નથી. 'માન પચાવવાની તાકાત ન આવે ત્યાં સુધી મને માન પણ ન મળો' એવી પ્રાર્થના પ્રભુને કરવા જેવી છે. માનના પ્રવાહમાં તણાતાં - ખેંચાઈ જતાં વાર નથી લાગતી. એ પ્રવાહમાં તણાઈ ગયેલો જીવ ક્યાં અટકે ને ક્યાં ભટકે તે કહેવું મુશ્કેલ છે. માર્ગથી ફેંકાઈ ગયેલો કે ફંટાઈ ગયેલો જીવ ફરી પાછો ક્યારે માર્ગે આવે તે કહેવું મુશ્કેલ છે.

આટલું વાંચ્યા પછી, જાણ્યા પછી માનવ જન્મમાં ક્યાં - કેટલી સાવધાની રાખવાની છે ; તેનો ખ્યાલ તો આવી જ ગયો હશે ?

ભોગના સામ્રાજ્ય અને યોગના સામ્રાજ્ય વચ્ચેનો તફાવત સમજવા જેવો છે. ચક્રવર્તી - વાસુદેવ - પ્રતિવાસુદેવ - રાજા - મહારાજા વગેરે ભોગના સામ્રાજ્યવાળા ગણાય છે. શ્રીતીર્થંકરભગવંતો યોગના સામ્રાજ્ય - ઐશ્વર્યના સ્વામી ગણાય છે. ભોગના સામ્રાજ્યવાળો જીવ દુર્ગતિનાં દુઃખો ભોગવવા ચાલ્યો જાય છે. (જો સત્તા સાથે મૃત્યુને ભેટે તો. હા, સત્તાનો ત્યાગ કરી ત્યાગ - યોગના માર્ગે જાય તો સ્વર્ગ કે અપવર્ગ મળે છે.) યોગનો સ્વામી ક્યારેય દુર્ગતિમાં જતો નથી !

અષ્ટમહાપ્રાતિહાર્યના જગતમાં અદ્વિતીય ગણાતા ઐશ્વર્યવાળા શ્રીતીર્થંકર

ભગવંતો ક્યારેય દુર્ગતિમાં જાય છે ? સુવર્ણના કમળ પર વિરાજતા ગણધરભગવંતો કે કેવલીભગવંતો ક્યારેય સંસારમાં ભટકે છે ? સંસારીઓનાં કે કર્મસત્તાનાં અપમાનનો ભોગ ક્યારેય બને છે ? ના... આવી યોગ સામ્રાજ્યવાળી અવસ્થા પ્રાપ્ત કરી અયોગીપણાને પ્રાપ્ત કરનારા બનો ; એ જ મંગલકામના. ધ

## ★ પુનર્જન્મ ★★★

### (૧૫) અનુભવની એરણ પરથી...(૨)

**ચાર વર્ષની બાળા પૂર્વજન્મ તથા ભાવિની વાત કરે છે.**

**ચંદાસી :** અહીંથી ચૌદ માઈલ દૂર આવેલા બિલારી ગામના રહીશ શ્રી શોભનાથની ચાર વર્ષની પુત્રી પોતાના પૂર્વજન્મનો હેવાલ કહી બતાવે છે. તે કહે છે કે, આગલા જન્મમાં નૈનિતાલના એક ધનવાન કુટુંબની લાડકી પુત્રી હતી. તેનું નામ 'રમા' હતું. તે માતા-પિતા સાથે બદ્રી કેદારની યાત્રાએ ગઈ હતી. ત્યારે પાછા ફરતી વખતે એક પત્થર પરથી તેનો પગ લપસી જતાં તે નીચે પાણીમાં જઈ પડી હતી. એક કલાક તડફડિયાં માર્યા પછી તે મરી હતી. મરણ વખતે તેને અપાર કષ્ટ થયું હતું. તે પછી નવ મહિના સુધી અંધારા કૂવામાં (ગર્ભમાં) રહ્યા પછી મારો આ ઘરમાં જન્મ થયો છે. આગલા જન્મમાં મારું ભવિષ્ય મને ખબર છે, મારા સૌથી નાના કાકાના લગ્ન પછી કોઈ અકસ્માતમાં મારું મોત થશે.

આ વિચિત્ર છોકરીને લઈ તેના પિતા શોભનાથ નૈનિતાલ ગયા હતા. ત્યાં આ ચાર વર્ષની બાળાએ પોતાના પૂર્વજન્મના માતા-પિતા, ભાઈ-બહેન બધાને ઓળખી કાઢ્યાં હતાં. આ જન્મની 'તારા' અને પૂર્વજન્મની 'રમા' પોતાના પૂર્વજન્મનાં માતા, પિતા, ભાઈ-બહેનોને જોઈ ખૂબ આનંદી બની હતી. તેના પૂર્વજન્મનાં માતા પિતાના કહેવા પ્રમાણે રમા જેવી હતી તેવી જ આ તારા છે. તેની ટેવો પણ તેવી જ છે. તારાના પૂર્વજન્મના પિતાએ તેને ઘેર બે ચાર દિવસ રહેવાનો આગ્રહ કરતાં તારાએ કહ્યું હતું કે, હું પિતા શોભનાથ સાથે મારા આ જન્મના ઘેર જઈશ. મારી પાંચ વર્ષની ઉંમર બાકી છે તે હું આ જન્મની માતા સાથે રહીને ગુજારવા માંગું છું . મારા સૌથી નાના કાકાના લગ્ન પછી મારું મૃત્યુ નિશ્ચિત છે અને મારા આ કાકાના લગ્ન પાંચ વર્ષ પછી ચોક્કસ થશે. તે પછી બે ચાર દિવસમાં કોઈ અકસ્માતના કારણે મારું મોત થશે. તારાના પૂર્વજન્મનો અહેવાલ સાચો ઠર્યો છે. એટલે ભવિષ્યવાણી સાંભળી બધા લોકો દંગ થઈ જાય છે તારા બિચારી ગામના લોકો માટે તમાશો બની છે, તેને જોવા માટે લોકો દૂરદૂરથી આવે



છે. ઘણા નિષ્ણાત લોકો ફેરવી ફેરવીને તારા સાથે વાત કરે છે અને સંતોષજનક ઉત્તર મળતાં આશ્ચર્યચકિત થઈ જાય છે.

### (૧૬) હાલની 'હીરા' પૂર્વજન્મની 'લીલાવતી'

નાની ચંદુરની ઠક્કર શીવરામશંકરની ૮ વર્ષની 'હીરા' નામની બાળા તેના પૂર્વજન્મની હકીકત કહે છે. આ બાળા હારીજમાં આવી છે. તેવી હકીકત જાણવા મળતાં લોકોનાં ટોળે ટોળાં આ બાળાને જોવા ઉમટ્યાં હતાં.

આ બાળાની અમારી મુલાકાતમાં અમે કેટલાક સવાલો પૂછતાં જણાવ્યું કે, પૂર્વજન્મમાં દિયોદર ગામના ઠક્કર સીવરામ મગનને ત્યાં તેનો જન્મ થયો હતો. તે જન્મમાં તેનું નામ 'લીલાવતી' હતું. અહીં તે પૂર્વજન્મની બહેન કલાવતીને મળવા આવી છે. તે તેની બહેન બનેવીને ઓળખી બતાવી, તેની બહેન સાથેની બચપણની ઘણી વાતો કહે છે. આ બાળા તેના પૂર્વજન્મના સગાવહાલાં બહેનપણીઓ વગેરેનાં નામો કહે છે. હવે આ બાળા તેના પૂર્વજન્મનાં માતાપિતાને મળવા દિયોદર જનાર છે. (ગુજરાત સમાચાર)

### (૧૭) ત્રણ વર્ષની 'કલ્પના' ની પુનર્જન્મની કથા

મુરાદાબાદના સ્વામી ગોપાલતીર્થના આશ્રમમાં ભણતી ૭ વર્ષની 'કલ્પના' નામની એક બાળાની પુનર્જન્મની કથા, આશ્ચર્યજનક ઘટનારૂપ છે.

આ બાળાનો જન્મ ૧૯૫૩ના જાન્યુઆરીમાં થયો હતો. જ્યારે આ બાળા ફક્ત ત્રણ જ વર્ષની હતી, ત્યારે તેમના ગુરુ વેદ મંત્રોના પાઠ કરતા હતા. તેમાં તેમની ભૂલો તેણે સુધારી હતી. પછી થોડાક મહિના બાદ બીજા બે પંડિતોની પણ તેણે ભૂલો સુધારી હતી.

આ બાલિકાએ થોડા વખત પહેલાં રાજસ્થાનના રાજ્યપાલ રૂબરૂ પોતાનું વેદજ્ઞાન બતાવ્યું હતું, આ બાળાને ચારે વેદ મોઢે છે. એ તો સર્વ કોઈ જાણે છે કે વેદમંત્રોના ઉચ્ચારો કેટલા કઠણ છે. તો પણ આ નાની બાળાના ઉચ્ચારમાં સહેજ પણ ભૂલ થતી નથી.

જયપુરના પંડિતોએ આ બાળાની પરીક્ષા લેવા માટે કંઈ એવા મંત્રોનો ઉલ્લેખ કર્યો કે જે સામાન્ય રીતે પ્રચલિત નથી. આ બાળાએ તો મંત્રોને સંભળાવી દીધા. એટલું જ નહિ પણ એ મંત્રો પૂરેપૂરા કયા કયા વેદોમાં છે તે સાથે સાથે જણાવી દીધું.

સ્વામી ગોપાળતીર્થ અને આશ્રમવાસીઓનું કહેવું છે કે અમે આ બાળાને વેદ શીખવાડ્યા જ નથી. અરે ! ત્રણ વર્ષની બાળાને વેક કેવી રીતે શીખવી શકાય?

(શ્રીરંગ)

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

- સંકલન

હુબલી - કંચગારગલીમાં પૂ.આ.ભ. શ્રીમદ્વિજયચન્દ્રભૂષણસૂરીશ્વરજી મહારાજા બિરાજમાન હતા. તેઓશ્રીના સમાચાર આવતાં પૂ.આ.ભ. શ્રીમદ્વિજય - ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા પણ ત્યાં જ પધાર્યા. બંનેનાં પ્રવચનો થયાં. બીજે દિવસે પણ ત્યાં જ સ્થિરતા -પ્રવચનાદિ થયેલ. પછીના દિવસે તા.૯-૪-૧૯ ના રોજ બંને પૂજ્યો તથા શ્રમણ - શ્રમણી ભગવંતો કેશવાપુર પધાર્યા. સામૈયા સાથે પ્રવેશ થયો. ત્યાં પ્રવચનાદિ થયેલ. ઓળી કરાવવા માટે અતિઆગ્રહ હોવા છતાં પૂ.આ.ભ. શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ શ્રમણ- શ્રમણી ભગવંતોનો વિહાર થયો. ગબૂર (તીર્થ) આવીને રોકાયા.

ચૈત્ર સુ.૬ ના રોજ વરુરમાં સ્થિરતા કરી. સુ.૭ તિમાપુર, સુ.૮ શીગગાંવ, સુ.૯ બંકાપુર પધાર્યા. સુ.૧૦-૧૧ હુલમલી હલ્લી, સુ.૧૨ હાવેરી સામૈયાસહ પ્રવેશ, પ્રવચનાદિ થયેલ. સંઘપૂજન - પ્રભાવના થઈ. ત્યાંથી મોટી બેન્નુર (સુ.૧૩) સાંજે બ્યાડગી પધાર્યા. સુ.૧૪ રાણીબેન્નુર ગામની નજીક કોટનમીલમાં સ્થિરતા કરી, સુ.૧૫ ના શુક્રવારે રાણીબેન્નુરમાં સામૈયા સાથે પ્રવેશ થયો. ચૈત્રીપૂનમના પટ જુહારવાદિની ક્રિયા થઈ. વ.૧ ના ત્યાં જ સ્થિરતા - પ્રવચનાદિ થયું.

વ.૨ ના વિહાર કરી ચલગિરિથી આગળ ઈડો - એસિયા સ્કૂલમાં રોકાણ કર્યું. વ.૩ ના હરિહર ગામમાં પધાર્યા. વ.૪ ના સામૈયા સાથે દાવણગીરી નગરીમાં પ્રવેશ કર્યો. અહીં ઘણા દિવસથી પૂ.આ.શ્રી ઉદયપ્રભ સૂરિજી મ. બિરાજમાન હતા. તેઓશ્રીની નિશ્રામાં તરુણકુમારની દીક્ષાનો મહોત્સવ ચાલુ હતો. બંનેના પ્રવચનો સાથે થયાં. વ.૮ ના દીક્ષા થવાની છે.

ચૈ. વ.૫ તા ૨૪-૪-૧૯ ના સવારે બંને આચાર્યભગવંતોનાં પ્રવચનો થયાં. જૈન શાસનમાં - ભગવાન મહાવીરપ્રભુના તીર્થમાં થયેલા વિશિષ્ટ ગુરુભગવંતોના ટૂંક પરિચય સાથે ગુરુવંદનાનો કાર્યક્રમ હતો. બે દિવસમાં દાવણગીરીનાં લગભગ દશેક મંદિરો જુહાર્યા. વ.૬ તા.૨૫-૪-૧૯ ના દિવસે પ્રવચન થયા બાદ સાંજે શાંતલા પધાર્યા. ત્યાંથી વ.૭ સવારે નીકળી, રસ્તામાં કે.બી.ના જિનાલયમાં દર્શન કરી નાગેશ્વરધામ પધાર્યા. વ.૮ સવારે અનગોડુની સ્કૂલમાં સ્થિરતા કરી. વ.૯ હેબ્બાલ સ્કૂલમાં રોકાણ થયું. વ.૧૦ ભરમસાગર સ્કૂલમાં મુકામ કર્યો. વ.૧૧ વીજાપુરની સ્કૂલમાં પસાર થર્યો. વ.૧૨ દિવસે ખેતેશ્વર મઠમાં રોકાયા. સાંજે



ચિત્રદુર્ગા - આદર્શનગર સોસાયટીમાં પધાર્યા. વ.૧૩ ત્યાં જ સ્થિરતા કરી. વ.૧૪ ચિત્રદુર્ગા ગામમાં પધાર્યા. સવારે ૧૦-૦૦ થી ૧૧-૦૦ પ્રવચન થયું. વૈ.સુ.૩ ના વિમળાબેનના વર્ષીતપના પારણા માટે વિનંતિ હોવાથી ત્યાં સુધી સ્થિરતા સ્વીકારી. રોજ પ્રવચનો થયાં. વૈ.સુ.૧ ના દિવસે સુખીબાઈના વર્ષીતપ નિમિતે માંગીલાલજીના ગૃહે ચતુર્વિધસંઘની પાવન પધરામણી વાજતે - ગાજતે થઈ. ગુરુપૂજનાદિ થયેલ. ૧૦રૂ. ની પ્રભાવના અપાઈ.

વૈ.સુ.૩ તા.૭-૫-૨૦૧૯ પૂ.આ.ભ. શ્રીમદ્વિજય ભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજનો દીક્ષા દિવસ પણ હતો. સંયમ જીવનના ૪૧ મા વર્ષમાં પૂજ્યશ્રીએ પ્રવેશ કર્યો ! અક્ષયતૃતીયાના દિવસે સવારે ઈસુરસનો પ્રક્ષાલ ત્રણે જિનાલયોમાં થયો. આદર્શ નગરમાં આદિનાથ પ્રભુનું જિનાલય હોવાથી પારણાંનો કાર્યક્રમ ત્યાં ગોઠવાયો હતો.

અક્ષયતૃતીયાને દિવસે સવારે ૯/૩૦ કલાકે તપસ્વીના પારણા નિમિત્તે તેમના મુખ્ય ઘરે ચતુર્વિધસંઘની પધરામણી વાજતે - ગાજતે કરાવી. માંગલિક, ગુરુપૂજન વગેરે વિધિ થઈ. ત્યાંથી વાજતે - ગાજતે આદર્શનગર સોસાયટી (બે કિલોમીટર દૂર) શ્રીઆદિનાથ જિનાલય પધાર્યા. ત્યાં લગભગ એક કલાક પૂજ્યશ્રીનું પ્રવચન થયું.પૂજ્યશ્રીના સંયમના ૪૧મા વર્ષમાં મંગલપ્રવેશ નિમિત્તે વસવેશ્વરનગર - બેંગ્લોરથી (જ્યાં પૂજ્યશ્રીનું ચાતુર્માસ નિશ્ચિત થયું છે.) લગભગ ત્રીશેક ભાગ્યશાળીઓ ખાસ આવ્યા હતા. તે નિમિત્તે ઘણાએ શુભેચ્છા વ્યક્ત કરી. અંતે વર્ષીતપવાળાના પરિવાર તથા ગુરુભક્તો તરફથી રૂ. ૭૦ (સંયમના ગુણ)નું સંઘપૂજન થયું.

બપોરે ૩-૦૦ કલાકે વિશિષ્ટ ઔષધિઓનાં સંયોજનથી ૨૭ વાર ઉવસગ્ગહરં તથા અનેક પ્રભાવશાળી સ્તોત્રના માધ્યમથી શ્રીગોડીપાર્શ્વનાથ ભગવાન પર અભિષેક થયા. સંગીતના સૂરો પણ સાથે રેલાતા રહ્યા. ભક્તિગીતો ગવાયાં. અંતે રૂ.૧૦ની પ્રભાવના કરવામાં આવી. અહીંના ગોડીપાર્શ્વનાથ પ્રભુ પ્રાચીન છે. ખેતરમાંથી પ્રાપ્ત થયેલા છે. પ્રભાવશાળી છે.

વૈ.સુ.૪ તા.૮-૫-૧૯ બુધવારે સવારે ચિત્રદુર્ગાથી વિહાર થયો. વીઆરએલની ઓફિસમાં સ્થિરતા થઈ. સુ.૫ ગુરુવારે સવારે ગણેશમંદિર કલ્યાણ મંડપમાં રોકાણ થયું.

(ક્રમશઃ) ધ

# ધર્મપુરુષાર્થનું જ મહત્ત્વ

**त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य ।**

**तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थकामौ ।।**

ધર્મ - અર્થ અને કામઃ ત્રણ પુરુષાર્થ વગર માનવનું આયુષ્ય (જીવન) પશુની જેમ નિષ્ફળ છે. તેમાં પણ ધર્મ - પુરુષાર્થ મુખ્ય છે, કારણ, તેના વગર અર્થ - કામ પુરુષાર્થમાં સફળતા નથી મળતી. (માટે જ પહેલા નંબરે ધર્મને મૂકવામાં આવ્યો છે.)